सत्यमेव जयते
ગુજરાત સરકાર

# Shree Atal Bihari Vajpayee Government Arts & Commerce College

(Affiliated to Veer Narmad South Gujarat University)
Beside GETCO Sub Station, Vankal-Zankhvav Road
At Post- Vankal Ta:- Mangrol Dist:- Surat

**Ph:** 02629-243451-53 **Email:** gaccvankal@gmail.com

## F.Y.B.A. પ્રવેશ પ્રક્રિયા વર્ષ 2023-24

આથી શ્રી અટલ બિહારી વાજપેયી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંકલ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માટે પ્રથમ વર્ષ બી.એ.માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા ખુલ્લી મૂકવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રથમ વર્ષ બી.એ.માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ નીચે મુજબની સૂચનાઓ ખૂબ જ કાળજીપૂર્વક વાંચવી તથા તેને અનુસરવું.

**તા૦૬/૦૬/૨૦૨૩ થી ૧૬/૦૬/૨૦૨૩ સુધીમાં પ્રવેશફોર્મ ભરવાના રહેશે.**

- સૌ પ્રથમ વિદ્યાર્થીઓએ www.gaccvankal.org કોલેજની વેબસાઈટ પર એડમિશન મેનું પર જવું અને ફોર્મની લિન્ક ઓપન કરી માંગવામાં આવેલ તમામ વિગતો ફરજીયાત ભરી ફોર્મ સબમિટ કરવાનું રહેશે
- કોલેજ દ્વારા આપવામાં આવેલ લિંકમાં ખૂલતાં ફોર્મમાં વિદ્યાર્થીઓએ પોતાનો પાસપોર્ટ ફોટો **JPEG** ફોર્મેટમાં અપલોડ કરવાનો રહેશે.
- આ ફોર્મ સબમીટ કર્યા બાદ તેની પ્રિન્ટ **PDF** ફાઈલ ડાઉનલોડ કરી પોતાની પાસે રાખવાની રહેશે. આપની પ્રવેશ અંગેની નોંધણી પ્રક્રિયા પૂર્ણ થઈ ગણાશે.
- યાદ રાખો પ્રવેશ અંગેની નોંધણી પૂર્ણ થઈ ગઈ હોય તો પણ આપણે કોલેજમાં એડમીશન મળી ગયેલ છે એવું માનવું નહી.
- વિષય પસંદગી મેરીટના આધારે રહેશે.
- માંગરોળ તાલુકાનાં વિદ્યાર્થીઓને પ્રથમ અગ્રિમતા આપવામાં આવશે. ત્યારબાદ અન્ય તાલુકાનાં વિદ્યાર્થીઓને મેરીટના આધારે તથા ખાલી પડેલ સીટના આધારે સમાવેશ કરવામાં આવશે.
- પ્રવેશ અંગેની નોંધણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કોલેજ દ્વારા વિદ્યાર્થીની વિગતો ચકાસી વિદ્યાર્થીને પ્રવેશ અંગેની જાણ તેમણે ઓનલાઈન ફોર્મમાં નોંધાવેલ મોબાઈલ નંબર અને ઈ-મેઈલ તથા વેબસાઈટ પર મેરીટ યાદી મુકવામાં આવશે. મેરીટ યાદીની સૂચના સમયાંતરે વેબસાઈટ પર જોતાં રહેવું.
- વિદ્યાર્થીઓએ કોલેજની વેબસાઈટ પર ભરેલ ફોર્મની નકલ પોતાની પાસે સાચવીને રાખવી તથા કોલેજ દ્વારા માંગવામાં આવે ત્યારે ફોર્મ સાથે નીચે મુજબના ડૉક્યુમેન્ટ જોડીને કોલેજમાં જમા કરાવવાના રહેશે.
- વિદ્યાર્થીની સત્ર ફી બહેનો – **405/-** , ભાઈઓ – **1005/-** ઓનલાઈન ભરવાની રહેશે. ફી ભર્યા બાદ ફી રસીદની નકલ તાત્કાલિક કોલેજ કાર્યાલયમાં રૂબરૂ જમા કરાવવાની રહેશે. ત્યાં સુધી વિદ્યાર્થીનો પ્રવેશ કન્ફર્મ થયેલ છે એવું માનવું નહી. ફી ભર્યા બાદ જ વિદ્યાર્થીનો પ્રવેશ કન્ફર્મ ગણાશે.

# Shree Atal Bihari Vajpayee Government Arts & Commerce College

(Affiliated to Veer Narmad South Gujarat University)
Beside GETCO Sub Station, Vankal-Zankhvav Road
At Post- Vankal Ta:- Mangrol Dist:- Surat
**Ph: 02629-243451-53** **Email:** gaccvankal@gmail.com

⇨ ફોર્મ સાથે નીચે મુજબના ડૉક્યુમેન્ટ જોડવા.

(1) બે પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ
(2) ધોરણ 10ની માર્કશીટની નકલ
(3) ધોરણ 12ની માર્કશીટની નકલ
(4) શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર (L.C)
(5) આધાર કાર્ડ
(6) જાતિનો દાખલો
(7) નોન ક્રિમિલિયર સર્ટીફીકેટ
(8) EWS(EBC) ઉમેદવારોએ જરૂરી આધાર પુરાવાની નકલ
(9) પાસબુકની નકલ
(10)જો કોઈ વિદ્યાર્થીએ માર્ચ-2023 પહેલા ધોરણ – 12 પાસ કર્યા પછીથી આજ દિન સુધીમાં તેમણે કોઈ અન્ય કોર્ષ કરેલ હોય તો તેની માર્કશીટ અથવા સર્ટિફિકેટની નકલ સામેલ રાખવી.અથવા ધોરણ – 12 પાસ કર્યા પછીથી આજ સુધીમાં તેમણે કોઈ અન્ય કોર્ષ કરેલ ન હોય તો આ ખાલી સમય દરમ્યાન વિદ્યાર્થીએ કોઈ અભ્યાસ કરેલ નથી તથા સરકારશ્રી દ્વારા આપવામાં આવતી કોઈ શિષ્યવૃત્તિ કે અન્ય અભ્યાસકીય યોજનાનો લાભ લીધેલ નથી તે મુજબનું સોગંદનામું રજૂ કરવાનું રહેશે.

શ્રી અટલ બિહારી વાજપેયી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંકલમાં આપ નીચે મુજબના વિષયમાં પ્રવેશ મેળવી શકો છો.

| ક્રમ | મુખ્ય વિષય (CORE SUBJECT) | ગૌણ વિષય (ELECTIVE – 1) | ફરજીયાત ભાષા (C.L) |
|---|---|---|---|
| ૧ | અંગ્રેજી | સંસ્કૃત | અંગ્રેજી |
| ૨ | ગુજરાતી | હિન્દી/સંસ્કૃત | ગુજરાતી |
| ૩ | સંસ્કૃત | હિન્દી | હિન્દી |
| ૪ | હિન્દી | સંસ્કૃત | હિન્દી |
| ૫ | ઈતિહાસ | સમાજશાસ્ત્ર | અંગ્રેજી/ગુજરાતી |
| ૬ | અર્થશાસ્ત્ર | ઈતિહાસ | અંગ્રેજી |
| ૭ | સમાજશાસ્ત્ર | ઈતિહાસ | અંગ્રેજી/ગુજરાતી |

નોંધ:- મુખ્ય વિષય અંગ્રેજી તથા અર્થશાસ્ત્ર રાખનાર વિદ્યાર્થીએ ફરજીયાત ભાષામાં અંગ્રેજી જ

# Shree Atal Bihari Vajpayee Government Arts & Commerce College

**(Affiliated to Veer Narmad South Gujarat University)**

Beside GETCO Sub Station, Vankal-Zankhvav Road

At Post- Vankal Ta:- Mangrol Dist:- Surat

**Ph: 02629-243451-53** **Email:** gaccvankal@gmail.com

રાખવાનું રહેશે.

ઉપરોક્ત વિષય જૂથમાથી આપે કોઈ એક વિષય જૂથ પસંદ કરવાનું રહેશે.પરંતુ વિષય પસંદગી અંગે સરકારશ્રીના જ નિતી નિયમો તેમજ કોલેજના ઈન્ટેક મુજબ ઉપલબ્ધ સીટ તેમજ મેરિટના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે અને તે મુજબ જ બી.એ ના સમગ્ર અભ્યાસક્રમ દરમિયાન આપના વિષય રહેશે.

પ્રવેશ માટે કોઈ પણ પ્રકારની ભલામણ સ્વીકારવામાં આવશે નહી.

પ્રવેશ માટેનો અંતિમ નિર્ણય આચાર્યશ્રી તથા પ્રવેશ કમિટીનો રહેશે.

પ્રવેશ અંગેની વખતો વખતની અપડેટથી માહિતગાર રહેવા માટે કોલેજની વેબસાઈટ રોજે રોજ જોતાં રહેવું.જો પ્રવેશ માટે વિદ્યાર્થી સમયસર હાજર ન રહે તો તેની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે.

જે વિદ્યાર્થીનું મેરીટ યાદીમાં નામ હોય તે તમામ વિદ્યાર્થીઓના ફોર્મ ચકાસણી બાદ કોલેજ દ્વારા મંજૂર કરવામાં આવશે.